અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષકોને નિવૃત્તિ કે અવસાનના કિસ્સામાં જમા રજાઓનું રોકડમાં રૂપાંતરનો લાભ આપવા બાબત.

ગુજરાત સરકાર,

શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ- ED/CIP/e-file/3/2023/0717/CH

સચિવાલય, ગાંધીનગર

<u>વંચાણે લીધા-</u>

(૧) શિક્ષણ વિભાગનો તા.૦૬/૦૪/૨૦૦૨ નો ઠરાવ ક્રમાંક: ખપશ-૧૧૦૧-સીસી-૩૨૭-ચ.

(૨) નાણા વિભાગનો તા.૧૮/૦૩/૨૦૦૫ નો ઠરાવ ક્રમાંક: NPN-2003-GOI-10-P.

(૩) શિક્ષણ વિભાગનો તા.૦૧/૦૫/૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક: ખપશ/૧૦૦૪/૭/ચ.

(૪) નાણા વિભાગનો તા.૧૫/૦૧/૨૦૧૦ નો ઠરાવ ક્રમાંક: PGR-1009-16-Pay cell(M)

(૫) નાણા વિભાગનો તા.૨૦/૧૦/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક: નપન-૧૦૨૦૧૧-ડીર૪૫-(૧૦૯૬/૨૦૧૪)પી.

(૬) નિયામક, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગાંધીનગરના તા.૧૩/૧૦/૨૦૨૫ના પત્ર ક્રમાંક: DPE/KH2/e-file/105/2024/0245/Kh-2થી કરેલ દરખાસ્ત.

<u>પ્રસ્તાવના :-</u>

ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના આ વિભાગના તા.૦૬/૦૪/૨૦૦૨ના ઠરાવથી તા.૦૧/૦૧/૧૯૯૭ ની સ્થિતિએ અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળામાં પૂર્ણ સમયના શૈક્ષણિક કર્મચારીઓને કુટુંબ પેન્શન યોજના લાગુ પાડવામાં આવેલ હતી. ત્યારબાદ, ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના આ વિભાગના તા.૦૧/૦૫/૨૦૦૯ના ઠરાવથી તા.૦૧/૦૧/૧૯૯૭ ની સ્થિતિએ પેન્શન યોજનામાં જોડાયા હોય તેવા અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષકોને ૩૦૦ (ત્રણસો) દિવસની મર્યાદામાં રજાઓનું રોકડમાં રૂપાંતરનો લાભ આપવામાં આવેલ હતો. પરંતુ, તા.૦૧/૦૫/૨૦૦૯ના ઠરાવમાં ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના નાણા વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવથી અમલી નવ-વર્ધિત પેન્શન (સી.પી.એફ) યોજનામાં જોડાયેલા કર્મચારીઓ માટેનો ઉલ્લેખ થયેલ નથી. જેથી, ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૬) થી નિયામક, પ્રાથમિક શિક્ષણની કચેરીએ, નવ-વર્ધિત પેન્શન (સી.પી.એફ) યોજનામાં જોડાયેલા અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષકોને પણ નિવૃતિ કે અવસાનના કિસ્સામાં જમા રજાઓનું રોકડમાં રૂપાંતરનો લાભ આપવા અંગે દરખાસ્ત કરેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાને અંતે, ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૪) અને (૫) પરના નાણા વિભાગના તા.૧૫/૦૧/૨૦૧૦ અને તા.૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવ મુજબ નવ-વર્ધિત પેન્શન (સી.પી.એફ) યોજનામાં જોડાયેલા અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષકોને પણ નિવૃતિ કે અવસાનના કિસ્સામાં ૩૦૦ (ત્રણસો) દિવસની મર્યાદામાં જમા રજાઓનું રોકડમાં રૂપાંતરનો લાભ આપવાનું આથી, ઠરાવવામાં આવે છે.

પ્રસ્તુત ઠરાવ, આ વિભાગની સમાન ક્રમાંકની ઇ-ફાઇલ પર નાણા વિભાગની તા.૧૦/૦૪/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( અરવિંદસિંહ વાઘેલા )

ઉપસચિવ,

શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ) શિક્ષણના અંગત સચિવશ્રી. સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી મારફત)
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી મારફત)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળની કચેરી(પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી મારફત)
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી મારફત)
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ તરફ પ્રસ્તુત ઠરાવ વિભાગની વેબસાઇટ પર પ્રકાશિત કરવા સારૂ.
- શાખા સિલેક્ટ ફાઇલ
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ